સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સારા ઉમેદવારની શોધમાં માથાં પાકી ગયાં!
ચોખ્ખો માલ શોધવા સૂપડાં - ચાળણી થાકી ગયાં!
બાકી રહ્યાં છે હવે રાજકારણે ગૂલાંટ-બાજો!
પોતાનાને પછાડી પરાયાનાં ઘણ હાંકી ગયાં!!
(યોગ્ય ઉમેદવારો મળતા નથી)

પાણો ઉપાડો -
ને મળે પક્ષ-પલ્લું -
શંકર છે ક્યાં ?!
(નિષ્ઠાવાન કાર્યકરોનો અભાવ)

બંધાયા સ્વાર્થે -
મળતા નથી શોધ્યા -
'સિદ્ધાંત-વાદી'
(ઉમેદવારોની મથામણ)

હાઈકુ

ચિંતન

કર્મણા જાયતે જન્તુ: કર્મણૈવ વિલીયતે ।
સુખંદુ:ખં, ભયં, દ્વેષં કર્મણૈવાભિયજાયતે ।

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કર્મથી જ જીવ જન્મ લે છે, કર્મવશ જીવનું મૃત્યુ થાય છે. સુખ-દુ:ખ-ભય-દ્વેષ આ બધું જ કર્મનું જ પરિણામ છે.

કર્મની જાળ અદ્‌ભૂત છે એના ત્રણ પ્રકાર છે, એક પ્રારબ્ધ કર્મ, બીજું ક્રિયમાણ કર્મ અને ત્રીજું સંચિત કર્મ. મનુષ્ય જે પણ કર્મ કરે છે એ બંધન રુપ બની બધાં ભોગવવા જ પડે, કેટલાંક કર્મનાં પરિણામ તાત્કાલિક ભોગવવાં પડે છે અને કેટલાંક અનેક જન્મો પછી પરિપક્વ થાય છે. મનુષ્યને ક્યાં જન્મ મળશે ? આયુષ્ય કેટલું મળશે? કેટલું સુખ કેટલું દુ:ખ ભોગવવું પડશે એ બધું જ નક્કી થાય છે. જન્મ-મૃત્યુ પ્રારબ્ધથી નક્કી થાયછે.

અને પ્રારબ્ધ આપણાં કર્મોનું કર્મોનું ફળ છે એટલે એવું કહી શકાય કે આપણાં કર્મો દ્વારા જ આપણે આપણા ભાવીનું નિર્માણ કરતા રહીએ છીએ.

સુવિચાર

- શિક્ષણ ભવિષ્યનો પાસપોર્ટ છે, આજે જે તૈયારી કરે છે તેને જ તે આવતીકાલે મળે છે - **માલ્કમ મેક્સ**
- કર્મ સજાની ધર્મ સેવા વડી, કર્મથી રીબાવા કરતાં ધર્મ વધાવો - **જીવન પાથેય**
- જયારે હું શબ્દોને, ધુમાડાનાં ગૂંચળાની જેમ મને વીંટાઈ વળતાં નથી જોતી, ત્યારે હું સમજું છું કે હું અંધારામાં છું - **સ્નેહા મહેતા**
- તમારા સાધાન પ્રમાણે ઉદાર થાઓ, નહીં તો ઈશ્વર ઉદારતા પ્રમાણે જ સાધનો આપશે - **જહોન હોલ**
- છેવટે જાતિ એક છે - માનવ જાતિ - **જયોર્જ મૂર**
- શાંતિપૂર્વક દુ:ખ સહન કરવું અને જીવની હિંસા ન કરવી - બસ આટલામાં જ તપસ્યાનો બધો સાર આવી જાય છે - **તિરુવલ્લુવર**
- આજનું ઔષધ : જાંબુનો ગર અને કેરીની ગોટલી સરખા પ્રમાણમાં પીસી આ ચૂર્ણ એક ગ્લાસ છાસ સાથે લેવાથી ઝાડા બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અસંખ્ય અમેરિકનોની જેમ બીલી રે ને જંગલમાં શિકાર કરવાનો જબરો શોખ. તે દર મહિને જંગલમાં જતો અને બંધુકથી પ્રાણીઓનો શિકાર કરતો. એક વખત એવો પણ આવ્યો કે પ્રાણીઓની હત્યા તેના હૃદયને કનડવા લાગી. એનાથી બચવા દોડીને થાકેલા, ઘવાયેલા પછડાટ ખાધેલા, અને લોહીથી નીતરતાં મૃત્યુથી બચવા આખરી તરફડાટ કરનારા પ્રાણીઓને બીલી જોઈ રહેતો. કંઈક કરુણા ઉપજી કે બીલીએ શિકાર કરવાનું છોડી દીધું. બીલીએ એક પુસ્તક પણ લખ્યું તેમાં તેણે લખ્યું છે કે, 'મેં શિકાર કરવાનું તો છોડી દીધું પણ માંસાહાર ચાલુ રાખઅયો હતો. આનું કારણ માંસ ખાવાથી જન્મજાત આદત. બીજું કે માંસ ખાનાર લાંબુ અને તંદુરસ્ત જીવે તેવી મારી માન્યતા હતી. એકવાર મારે અમેરિકાના જાણીતા હાસ્ય કલાકાર અને યુદ્ધવિરોધી એવા ગ્રેગરીનો ટીવી પર એક ઈન્ટરવ્યુ જોવાનું થયું. પત્રકારે ગ્રેગરીને એક પ્રશ્ન પૂછ્યો.' વિયેતનામનું યુદ્ધ પુરું કરવા માટે સામા પક્ષના સૈનિકોને મારી નાખવાનું તમને પસંદ નથી એનું શું કારણ ? ત્યારે કલાકાર ગ્રેગરીએ ગાંધી વિચારનો હવાલો આપી કહ્યું, 'ગાંધીજી કોઈ પણ પ્રકારની હિંસામાં માનતા ન હતા. હું પણ એવું જ કહીશ કે માંસાહાર કરવો એ સારું કામ નથી.' ગ્રેગરીનો આવો જવાબ ટીવી પર બીલીના હૈયા ઉપર એવી અસર છોડી ગયો કે એ દિવસથી બીલીએ માંસાહારને કાયમ માટે વિદાય કરી દીધો.

મનોરંજન ઉદ્યોગને મોકળાશ

તંત્રીસ્થાનેથી...

જનમાનસને સૌથી વધુ પ્રભાવિત કરનારી બાબતોમાં ફિલ્મો અને મનોરંજક નાટક-સંગીત-નૃત્ય વગેરે કાર્યક્રમો હંમેશા અગ્ર સ્થાને રહ્યાં છે. કોરોનાએ જે સપાટો બોલાવ્યો એથી સાવચેતીના ભાગરુપે સિનેમાહોલ, થિયેટર અને પ્રદર્શન હૉલ જેવા ભીડભાડની શક્યતાવાળાં સ્થળો પર લાંબા સમયથી પ્રતિબંધ લાગી ગયો હતો. સામાન્ય રીતે દર શુક્રવારે થિયેટરોમાં લાગતી નવી ફિલ્મ કે શહેરના કોઈ ને કોઈ હોલમાં થતાં રહેતાં નાટ્ય-નૃત્ય-સંગીતના કાર્યક્રમો નાગરિકો માટે મનોરંજન અને ઘર બહાર નીકળવાનું નિમિત્ત બની રહેતા હતા જે કોરોનાકાળ દરમિયાન સાવચેતીના ભાગરૂપે પ્રતિબંધિત થતાં એક તરફ પ્રજાજનો અને બીજી તરફ આ વ્યવસાય સાથે સંકળાયેલ વિશિષ્ટ સમુદાય નવરાં થઈ ગયાં હતાં. અનેક ફિલ્મો તૈયાર થઈને રિલીઝ થવાની હતી ત્યાં કોરોના નામની બિલાડી આડી ઉતરી હતી. આથી કરોડોનો બિઝનેસ કરતી ફિલ્મો સાથે સંકળાયેલ પ્રોડ્યુસર - ફાઈનાન્સીયર, દિગ્દર્શક, કલાકારો અને થિયેટરો કે હોલના માલિકોની પનોતી બેસી ગઈ હતી. નવા પ્રોજેક્ટ અધવચ્ચે જ અટકાવી દેવા પડ્યા હતા જેથી આ હરહંમેશ ધમધમતા રહેતા ઉદ્યોગ સાથે સંકળાયેલા સમુદાય માટે આજીવિકાનું અને આવકનું સ્ત્રોત સુકાઈ ગયું હતું. સદ્‌ભાગ્યે એકાદ વર્ષના અંતરે આ મનોરંજન ઉદ્યોગને શરૂઆતમાં પચાસ ટકા કૅપેસિટી સાથે અને હવે પૂર્ણ ક્ષમતા સાથે ચાલુ કરવાની છૂટ મળતાં સ્વાભાવિક રીતે જ હાશકારો અનુભવાશે. અલબત્ત, કોરોના સંક્રમણ મહદંશે કાબૂમાં આવી ગયું છે અને નવા કેસ જૂજ સંખ્યામાં નોંધાઈ રહ્યાં છે. સાજા થનારની ટકાવારી પણ ઘણી વધી છે. એથી એક તરફ સરકારે રસીકરણનો દોર શરૂ કર્યો છે તો બીજી તરફ જનજીવન સામાન્ય બની રહે એ માટે જરૂરી છૂટછાટો મૂકવા માંડી છે, મહામારીથી અધમૂઆ થઈ ગયેલા દેશના ફિલ્મ ઉદ્યોગને એથી રાહતનો શ્વાસ લેવાની તક સાંપડશે. સિનેમા હોલ, થિયેટર, મલ્ટિપ્લેક્સ અને સ્વિમિંગ પુલ સુદ્ધાં હવે ફુલ કેપેસિટી સાથે, અલબત્ત 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર' (એસઓપી) ની નિયમાવલીના ચુસ્ત પાલન સાથે શરૂ થતાં જનજીવન પાટા ઉપર આવી જશે અને નજરકેદ જેવી પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા પ્રજાજનો હળવાશ અનુભશે. આ અગાઉ સરકારે પબ્લિક ટ્રાન્સપોર્ટનાં બંધનો હળવાં કર્યાં હતા. લગ્ન સમારંભો તથા કાર્યક્રમોમાં પણ સંખ્યાનું નિયંત્રણ હોવા છતાં પ્રમાણમાં ઘણી રાહતો જાહેર થઈ છે. શાળાઓ ખૂલી રહી છે. હવે તંત્ર કરતાં વિશેષ જવાબદારી પ્રજાની રહેશે. જો એ નિર્ધારિત નિયમો મુજબ માસ્ક, વારંવાર સાબુથી હાથ ધોવાના અને સેનેટાઈઝર તથા સોશિયલ ડિસ્ટંસિંગનું સ્વેચ્છાએ પાલન કરશે તો 'સબ સલામત' જ રહશે; પરંતુ જો છૂટછાટનો દુરુપયોગ કરી ભીડ કરશે અને નિયમાવલીનું ઉલ્લંઘન કરશે તો દિવાળીના દિવસોમાં થયેલી પરિસ્થિતિનું પુનરાવર્તન થઈ શકે છે. લોકોએ પોતાની સલામતી પોતે જ જાળવવી પડશે. રસીકરણ શરૂ થયું છે ત્યારે અફવાઓથી ગેરમાર્ગે દોરવાયા વગર રસી લઈને સુરક્ષાકવચ મેળવી લેવાની જરૂર છે. આ તમામ સંજોગોમાં વડાપ્રધાને વાપરેલા જ શબ્દોનો ઉપયોગ કરી 'કડાઈ' એટલે કે નિયમો પાળવા બાબતની કડકાઈ રાખવી જરૂરી છે. એ યાદ રાખવું જરૂરી છે કે કોરોના અહીં, ક્યાંક આપણી આસપાસ જ ફેરફુદરડી ફરી રહેલ છે. એ નેસ્તનાબૂદ થઈ ગયો છે એવા ખોટા ભ્રમમાં રાચવું ભારે પડી શકે છે.

ભલમનસાઈના, સાહજિક સંસ્કારના અજવાળા રેલાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'છોકરાવ, મોરલ ઓફ ધ રીયલ લાઈફ સ્ટોરી એ કે આપણે જે કાંઈ જીવનમાં પામીએ છીએ એમાં આપણા બાપ-દાદાની પુણ્યાઈનો પણ મોટો ફાળો હોય છે.' વિનુદાદાએ એમની વાતો સાંભળી રહેલા પરિવારના જ સંતાનો ધ્વનિ-સ્તુતિ-ધ્રુવ વિશ્વા તથા ટીનાને કહ્યું.

નામ વિનુભાઈ મહેતા, મૂળ વતન ગારિયાધારમાં જન્મ ૧૪ ફેબ્રુઆરી, ૧૯૪૩ના રોજ... ભાવનગરની સર ભાવસિંહજી પોલીટેકનિક ઈન્સ્ટિટયુટમાંથી ડિપ્લોમા એન્જીનીયરીંગ સિવિલ બ્રાન્ચમાં કર્યું. સાતેક વર્ષ અલગ અલગ કંપનીમાં નોકરી કરી, પછી રાજય સરકારનાં પીડબલ્યુડી વિભાગમાં ત્રણ દાયકા નોકરી કરી અને કલાસ વન અધિકારી તરીકે નિવૃત્ત થયા. હાલ પરિવાર સાથે અમદાવાદના મણીપુરમાં આવેલા બંગલામાં રહે છે, જયાં લેખના આરંભે લખેલો સંવાદ થયો.

સ્વભાવે અત્યંત ઋજુ, સરળ, પરગજુ અને આનંદી. એમના જીવનના રસપ્રદ પ્રસંગો કહેવા, ને વાર્તાઓ કહેવી ખુબ ગમે. એમના જીવન સંગિની દમયંતિબહેન, જેઓએ ચલાલાથી ૯ કિલોમીટર દૂર ધારગણી ગામે હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે સેવા આપી છે તેઓ કહે છે કે, 'એમની વાતો સાંભળવાનો મને પણ આનંદ આવે, કયાંક એ ભૂલી જાય તો વાતનો દોર હું સાંધી આપું.'

હમણાં એમના ઘરે આમ જ આ છોકરાઓ આવેલા, પછી ત્યાં જ જમવાનું ગોઠવાયું ને વાતોનો દોર ચાલ્યો એમાં વિનુદાદાએ એણની યુવાઅવસ્થાનો એક પ્રસંગ કહ્યો.

વાત જાણે એમ કે તેઓ જયારે જિલ્લા પંચાયતમાં કામ કરતા હતા ત્યારે ગઢડા તાલુકામાં એક ગામમાં ડેમ બાંધવાનો હતો. હવે એ સાઈટ ઉપર તેમને ફરજ સોંપવામાં આવી હતી અને તેઓએ ત્યાં દસ-પંદર દિવસ રોકાવવાનું હતું.

એ સમયે પ્રશ્ન થયો કે રહેવું ક્યાં? તો ગામમાં એક રૂમ હતી ત્યાં રહેવાની વ્યવસ્થા થઈ, એ જગ્યા એવી હતી કે રાત્રે ડર લાગે, કારણ કે આસપાસ કોઈ વસતી નહિ, અવાવરું જગ્યાએ એક રાત પસાર કરી, બીજા દિવસે ગામડા ગામની નાની હાટડીમાં તેઓ જરૂરી કરિયાણું લેવા ગયા, જેથી કરીને પોતાના પૂરતું રસોઈનું કામ કરી શકાય.

ગામની એ દુકાને તેઓ પહોંચ્યા, સાથે કામ કરનારા બીજા એક બે લોકો પણ હતા. જે જે ચીજવસ્તુઓ જરૂરી હતી તે ખરીદી, શેઠે એમની સાથો વાતોનો દોર શરૂ કર્યો. 'તમે ગામમાં અજાણ્યા લાગો છો? કયાં રહો છો? જેવા થોડા પ્રશ્નોના જવાબો દરમિયાન વિનુભાઈએ એક તબક્કે કહ્યું કે, 'અમારું મૂળ વતન જેસર...' તો શેઠ કહે, 'જેસરમાં કયાં રહેતાં ? કોના દીકરા ?' એટલે વિનુભાઈએ કહ્યું કે મારા પિતાનું નામ તો રેવાશંકર પણ એમને બધા ચકુદાદા જીનવાળા તરીકે ઓળખે, કારણ કે આઝાદી મળી એ પહેલાના સમયમાં તેઓ જેસરમાં જીનના માલિક હતા...' આ વાત સાંભળીને પેલા શેઠ ઉભા થઈ ગયા...'અરે, તમે ચકુદાદાના દીકરા...?' ... ભલા માણસ, ત્યાં એક ઓરડીમાં તે રહેવાતું હશે ? સાથે આવેલા ગામના માણસોને કહે, 'આ સાહેબનો સામાન લઈ આવો, આજથી તમે અમારા મહેમાન, આ મેડીએ ઉપર રૂમ ખાલી છે, તમારે ત્યાં જ રહેવાનું છે.'

વિનુભાઈને નવાઈ લાગી.... આમ સાવ અજાણયા માણસને આવું પ્રેમપૂર્ણ નિમંત્રણ કેમ ? જવાબમાં પેલા શેઠે કહ્યું, 'થોડા વર્ષો પહેલાં પાલીતાણા આસપાસ ઘાસ કાપવાનો અમારો કોન્ટ્રાક્ટ હતો, એ સમયે મારા જેવા અજાણ્યાને ચકુદાદાએ બહુ સાચવ્યો હતો, હું ત્યાં જ રહેતો, એમના ઘરે... હવે ઈશ્વરે મને ઋણ ચુકવવાનો અવસર આપ્યો છે, મારે તમને સાચવવાના છે, જેટલો સમય રહો, અમારા જ ઘરે રહો.' આમ તે સમયે ઓ થોડા દિવસો વિનુભાઈ એમના ઘરે રહ્યા ને જમ્યા એ મધમીઠા સ્મરણો આટલા વર્ષો પછી વિનુદાદા યાદ કરી રહ્યા હતા.

કોઈ પણ હેતુ વિના સાવ અજાણ્યા માણસોને કોઈ મદદ કરે છે, ત્યારે એમાં માનવતાને માનવધર્મ ભળે છે, એના કારણે એમને તો ઠીક એમના વારસદારોને પણ કોઈ દિવસ કલ્પના ન કરી હોય તેવો લાભ અનાયાસ મળે છે.

આપણે ત્યાં કોઈ સફળ માણસની મુલાકાત લઈએ ત્યારે ઘણીવાર તેઓ કહે છે કે અમારી મહેનત તો ઠીક ભાઈ, આ તો બાપદાદાની પુણ્યાઈ છે...

સાચ્ચે જ આવી ઘટનાઓ સાંભળીએ ત્યારે ભલમનસાઈના, સાહજિક સંસ્કારના અજવાળા રેલાય છે.

અરે ભાઈ ! વિશ્વાસ કરવાનો સમય છે, શંકા કરવાનો નહીં

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

યાદ કરો હજી ૬ મહિના પહેલાં આપણે કેવી ભયંકર અને અવઢવભરી સ્થિતિમાં હતા. રોજે-રોજ આખા વિશ્વમાંથી માત્ર નિરાશાના સમાચારો જ પ્રાપ્ત થતાં હતા. આપણે પોતે તો ઘરમાં બંધ હતા અનેહ્લ હ્લજાન હૈ તો જહાન હૈહ્લ મુજબ થોડીઘણી મુશ્કેલી અનુભવતા ઘરમાં જ બેઠા હતા. જ્યારે એક મોટો વર્ગ કોરોના સામે બાથ ભીડીને સામી છાતીએ દિવસ રાત આખી માનવજાતને ઉગારવાના કાર્યમાં જોતરાઈ ગયો હતો. જેના ફળ સ્વરૂપે આજે આપણે આ મહામારીની બહાર નીકળવાનો રાજમાર્ગ જોઈ શક્યા છીએ. અરે ભાઈ ! વિશ્વાસ કરો, શંકા નહીં.

આજના સમયમાં સમાજનો દરેક વર્ગ ,ઘણી બધી સંસ્થાઓ સરકારી તંત્ર, ડૉક્ટરો, પોલિસ, સફાઈ કર્મચારીઓ અને કેટલા બધાં ન દેખાતા પુષ્કળ કામ કરતાં રાત દિવસ જોયા વગર આ મહામારીથી આપણને બચાવવાનો પ્રયત્ન કરતાં ઢગલાબંધ સૈનિકો સાક્ષાત ઈશ્વર બનીને આપણી સમક્ષ આવ્યા છે.આપણે ઘરે બેઠાં બેઠાં ટીવી જોતાં-જોતાં આંકડાઓને સ્કૉર સમજીને ચેક કરતા રહેતા કોઈ પ્રકારના પુરુષાર્થ વગર સમજ્યા વગર માત્ર પ્રશ્નો જ રાખીએ છીએ.અને એવી એવી માંગણીઓ કરીને બસ માત્ર કાગારોળ મચાવીએ છીએ. અરે ભાઈ ! વિશ્વાસ કરો, શંકા નહીં.

કારમી ગરીબીથી ત્રાસી ગયેલા એક માણસને કોકે સલાહ આપી કે પરમાત્મા ખૂબ શક્તિસંપન્ન છે. તેમને પ્રાર્થના કર કે લોટરીનું ૧ કરોડનું ઇનામ એ તને આપે. એ માણસ તો બીજા દિવસથી પરમાત્માને પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું. પ્રાર્થના કરવાનો દોર ચાલતો હતો અને ત્રીસમા દિવસે પરમાત્મા પ્રગટ થયા અને માણસને લાફો લગાવી દીધો.ભક્તે દુ:ખી થતા પૂછ્યું: 'પ્રભુજી ઈનામ ના આપો તો કાંઈ નહીં લાફો શું કામ આપો છો? પ્રભુએ કહ્યું : 'દોસ્ત લોટરીના એક કરોડ માટે ૩૦ દિવસથી પ્રયત્ન કરે છે, મને પ્રાર્થના કરે છે ,પણ મારે તને એક પ્રશ્ન પૂછવો છે લોટરીની દસ રૂપિયાની ટિકિટ તે લીધી છે ખરી?' હસવું આવે તેવી આ વાત છે, પણ આપણે બધાં જ આ ભક્ત જેવા છીએ, પ્રભુની કૃપા માંગીએ છીએ પણ પુરુષાર્થ કર્યા વગર. આળસુ બનીને પ્રાર્થના કર્યા પછી ફળ મળશે એવું કેમ માની લેવું? અને ખૂબ પુરુષાર્થ-મહેનત કર્યા પછી સફળતા પ્રાપ્ત થાય છે તેનું મૂલ્ય તો જે જાણ એ જ સમજે.

આપણે એવો સમય ગતવર્ષે જોયો હતો કે જ્યારે આશાની કોઈ કિરણ દેખાતી ન હતી. કોઈ પાસે સાવચેતી સિવાય આ કાળમૂખા રોગથી બચવાનો કોઈ ઉપાય ન હતો. આખી દુનિયાના વૈજ્ઞાનિકો અને ડોક્ટરોએ જે રાત-દિવસ જોયા વગર જે કાર્ય ઓછામાં ઓછા ત્રણ-ચાર વર્ષે થઈ શકે તેને એક વર્ષની અંદર પૂર્ણ કરીને ઈશ્વરની અવેજી પૂરવા જેવી સિદ્ધિ મેળવી છે. વેક્સિન બની ગયા પછી આપણે ત્યાં બધા એવા રોદણા રોતા હતા કે, વેક્સિન આવી ગયા પછી પણ ૧ ઉપ કરોડના દેશમાં ભગવાન જાણે કેટલામાં વર્ષે આપણો વારો આવશે ! જ્યારે અત્યારે જોઈ રહ્યાં છીએ કે, અવનવી વિચિત્ર પરિસ્થિતિઓ વચ્ચે પણ બીજા દેશો કરતા આપણે ત્યાં વેક્સિન આપવાનો જે સમયગાળો છે તે સૌથી ઓછો છે. વિચાર તો કરો ઘરના કોઈ પ્રસંગમાં સિમિત વર્તુળમાં લ્હાણીના વાસન આપવામાં પણ આપણે ગૂંચવાઈ જઈએ છીએ ત્યારે આ તો ૧ ઉપ કરોડના દેશમાં વેક્સિન વહેંચવાની વાત છે. અરે ભાઈ ! વિશ્વાસ કરો..શંકા નહીં.

આપણી મુશ્કેલી જ એ છે કે, આપણે પોતે વિશ્વાસપૂર્વક કોઈ કાર્ય કરતા નથી અને કોઈ કરતું હોય તો તેમાં ખોચરા કાઢીએ છીએ. ખરેખર તો મુશ્કેલી આવે ત્યારે તો બમણા જોરથી મહેનત કરવી જોઈએ ઈશ્વરને પણ આપણો બધો જ સમય મહેનત અને પરિશ્રમમાં જાય એમા રસ હોય છે, માત્ર બેઠાં-બેઠાં મહેનતથી બચવા માટે છટકબારી શોધવા માટે ઈશ્વરનું નામ લેવા બેસીએ તે તો એને પણ ગમતું નથી. ભગવાનને પણ કંઈક કરી બતાવવાવાળા માણસ માટે પક્ષપાત હોય છે. પરીક્ષા આવી પેપર સારું નથી ગયું, તો ઈશ્વરની ભક્તિ શરૂ: 'હે પ્રભુ નારિયેળ ચઢાવીશ, બસ આ ગણિતમાં નીકાળી દેજો.'' ઈશ્વર આવી રીતે પ્રાર્થના સાંભળીને ગણિતમાંથી બહાર કાઢતો રહે તો તો શિક્ષણ ક્યાં જઈને અટકે?

પરિસ્થિતિ અનુકૂળ હોય, બધાં જ ગ્રહો સાનુકૂળ હોય અને તમને સફળતા મળે તેમાં શું મજા! મજા તો ત્યારે છે જ્યારે સામા પૂરે તરીને તમે નદી ઓળંગો, બધી જ પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં ઇચ્છિત પરિણામ મેળવી શકો.

ધીરુભાઈ અંબાણીને શિખર પર પહોંચ્યા પછી જે આનંદ મળ્યો હશે,તે મુકેશ અંબાણીને કદાચ નહીં મળે અને આકાશ અંબાણી માટે તો એ આનંદની વ્યાખ્યા સમજવી પણ મુશ્કેલ બની જશે કે પથ્થર ને પાટુ માર્યા પછી દાદાએ જે સામ્રાજ્ય ઊભું કર્યું અને ત્યારબાદ સફળતાનો સ્વાદ ચાખ્યો એની મીઠાશ આકાશના નસીબમાં નથી રહેવાની.

પરિસ્થિતિ બદલવામાં સફળતા નથી મળતી,ત્યારે મન:સ્થિતિ બદલી દેવામાં જ શાણપણ છે. કારણ કે પરિસ્થિતિ પરાધીન છે.પણ મન:સ્થિતિ તો સ્વાધીન છે ને ! પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ સાનુકૂળ મન:સ્થિતિના માધ્યમથી જ સફળતા મળશે.આજે સમય સામા પૂરે તરવાનો છે,પરિસ્થિતિને બદલી નાખવાનું આપણા હાથમાં નથી તો પરિસ્થિતિને અનુકૂળ મન:સ્થિતિ બનાવવાનું તો આપણા હાથમાં છે ને,ચાલો પ્રયત્ન કરીએ દુનિયા બદલવાનો નહીં આપણા મનને બદલવાનો. અરે ભાઈ ! વિશ્વાસ કરો, શંકા નહીં.

- jayuoza@gmail.com,
Mo.9898046488

દુબઈના રાજાની કુવરી નાદીયાને દિપાલીની વાતમાં દમ લાગ્યો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જર્મનીમાં વેલ ફર્નિશ્ડ હાઉસમાં પોતાના બેડરૂમમાં મોડી રાત્રે બેડમાં ખુલી આંખે છત સામે એક ટસે જોઈ રહેલી દિપાલીને એના પતિ ચિરાગે પૂછ્યું 'કેમ ઊંઘ નથી આવતી ? કયા ગંભીર વિચારે ચડી ગઈ છે ?

દીપાલીએ ચિરાગની સામે જોયું અને બોલી 'ચિરાગ, જીવનની મોટી મોટી ઝંઝાવાતો સામે લડીને આપણે અમદાવાદથી અહીં જર્મનીમાં આવીને સરસ સેટલ થઈ ગયા. ભગવાનની દયાથી રૂપિયા-પૈસા, માન અને સન્માન પણ મળ્યા. પરંતુ શું આપણા જીવનનો મકસદ એશો આરામ અને રૂપિયા-પૈસા જ છે ? મને એમ થાય છે કે, આપણા દેશમાં એવા ઘણા દિવ્યાંગ બાળકો હશે કે, જેમને આપણી જરૂર છે. તને એમ નથી લાગતું કે, આપણે

એમના માટે કંઈક કરવુ જોઈએ ?

ચિરાગ પથારીમાંથી બેઠો થઈ ગયો અને દીપાલીને કહ્યું, 'સાચું કહું તો દીપાલી મને પણ ઘણા સમયથી આવા જ વિચાર આવે છે. આપણે સમાજ માટે કંઈક એવું કરીએ કે જેનાથી આપણને બન્નેને આનંદ આવે. આપણા જીવનનો અર્થ સરે એવું કંઈ કરીએ. બસ, પછી જ્યાં જવા માટે અથાક પરિશ્રમ અને માથાપચ્ચી કરી હતી એ દેશને અલવિદા કહી બન્ને જણાએ જર્મની છોડીને સ્વદેશની વાટ પકડી.

દીપાલી અને ચિરાગ જ્યારે જર્મનીમાં હતા ત્યારે એમની પાસે ખૂબ સરસ જોબ હતી. સમાજમાં ખાસ્સી એવી પ્રતિષ્ઠા હતી. જર્મનીમાં ડીસેબલ્ડ લોકો માટે આ યુગલ પાંચ સાત વર્ષથી કામ કરતું હતું. દીપાલી અને ચિરાગના સહજીવનની વાત પણ કોઈ ફિલ્મી કહાનીથી કમ નથી. દીપાલી અમદાવાદમાં જ્યારે શાળાનો અભ્યાસ પૂરો કરી કોલેજ અભ્યાસ માટે ગઈ ત્યારે તેના મનમાં મેન્ટલી ડિસેબલ્ડ એની માસીનું ચિત્ર રમતું હતું. દીપાલીની માસી ડાઉન સિન્ડ્રોમથી પીડાતા હતા. આજુબાજુના લોકો એની માસી સાથે મિસબિહેવ કરતાં ત્યારે યુવાન દીપાલીને ખૂબ ગુસ્સો આવતો. એ રીતસર લોકો સાથે માસી માટે ઝઘડતી ફરતી. ક્રમશ: દીપાલીને લાગ્યું કે ક્યાં સુધી એ તકરાર કરતી રહેશે ? એ એવું કંઈ કેમ ન કરે કે માસી જેવા અનેક લોકોની સેવા થઈ શકે ?

દીપાલીએ મનોમન નક્કી કરી લીધું કે, દીવ્યાંગો માટે એ એનું સમગ્ર જીવન સમર્પિત કરી દેશે. ડિપ્લોમા ઈન સ્પેશયલ એજ્યુકેશન મેન્ટલ રીટાર્ડેશનનો બે વર્ષનો ડિપ્લોમા કરવા માટે દીપાલી આગળ વધી. એના આ ડિપ્લોમા કોર્સના અભ્યાસમાં ચિરાગ ઉપાધ્યાય વિઝીટીંગ ફેકલ્ટી તરીકે આવતા. સૌમ્ય, સાલસ અને ઈન્ટેલેચ્યુઅલ ડૉ. ચિરાગના વિચારો દીપાલીને અસર કરી ગયા. એ કોલેજના ટોપર લીસ્ટમાં સૌથી ઉપર ચિરાગ ઉપાધ્યાયનું નામ હતું. ભણવામાં પહેલેથી જ હોંશિયાર એવી દીપાલીને હંમેશા એમ થયા કરતું કે આ ટોપર લીસ્ટમાં સૌથી ઉપર મારું નામ હોવું જોઈએ. એ ખૂબ મહેનત કરતી. એણે ટોપર લીસ્ટમાં સૌથી ઉપર એનું નામ દર્જ પણ કરાવી દીધું.

દરમિયાનમાં દીપાલી અને ચિરાગ વૈચારિક રીતે એક મેકની નજીક આવ્યા. સહજીવન જીવવા માટે કૉલેજના જ એક વરિષ્ઠ પ્રોફેસરે બન્નેને પ્રેરણા આપી. જ્યારે એમણે લગ્ન કરવાનો નિર્ણય લીધો ત્યારે અલગ જાતિના પુરુષ સાથે દીકરીને વળાવવા માટે પિતાની નામરજી હતી. દીપાલી એના નિર્ણયમાં અડગ હતી. વિવાદોના અંતે દીકરીની ખુશી આગળ પિતાએ નમતું જોખ્યું. બન્ને જણાએ સહજીવનની શરૂઆત કરી. કંઈક કરવાની ધુન બન્નેના મગજ ઉપર સવાર હતી. લગ્ન બાદ થોડા સમયમાં આ યુગલ જર્મની પહોંચ્યું. જર્મનીમાં તેમની ધગશ અને મહેનતને કારણે સારો એવો બદલો પણ મળ્યો. હવે આ યુગલે અંતરઆત્માનો અવાજ સાંભળીને સ્વદેશ આવીને એમની શક્તિઓને કામે લગાડી છે.

ભારત પરત આવીને એમણે ગુજરાતના પાટનગર ગાંધીનગરના આંગણે પ્રગતિ ફાઉન્ડેશનના નેજા હેઠળ વિશેષ એજ્યુકેશન સેન્ટર શરૂ કર્યું. આ યુગલે એક નવો દાખલો પ્રસ્થાપિત કર્યો છે. અત્યારે તો ૩૦-૩૫ જેટલાં મેન્ટલી ચેલેન્જડ બાળકો સાથે આ યુગલ ખૂબ આત્મિયતાથી કામ કરી રહ્યું છે. વિશેષ એજ્યુકેશન સેન્ટરની સ્થાપના સુધીની એમની દડમજલ પણ ખૂબ કપરી હતી. જર્મનીથી હિન્દુસ્તાન પાછા આવ્યા બાદ દીપાલીએ એક સાયકોલોજીસ્ટને ત્યાં જોબ કરી. આ જોબ દરમિયાન એનો સંપર્ક એક ઉદ્યોગપતિ અનુપભાઈ સાથે થયો. અનુપભાઈના દીકરાની દિવ્યાંગ પરિસ્થિતિની ટ્રીટમેન્ટ દીપાલી કરતી હતી. દીપાલીની ક્ષમતા અને કામ કરવાના ઝનૂનને અનુપભાઈ જેવા ઉદ્યોગકારની પારખું નજરે સુપેરે પીછાણી લીધા. એમણે ડૉ. ચિરાગ અને દીપાલીને મેન્ટલી ચેલેન્જડ બાળકો માટે વિશિષ્ટ શાળાની શરૂઆત કરવા માટે ઈજન આપ્યું. આ યુગલને દોડવું હતું અને ઢાળ મળ્યો. આ યુગલ હંમેશા માને છે કે, 'ડીસએબલ્ડહ્લ લોકો ખરેખર તો 'ડિફરન્ટલી એબલ્ડહ્લ હોય છે. ચિરાગ અને દીપાલીએ એમની સમગ્ર શક્તિ વિશેષ એજ્યુકેશન સેન્ટરને આગળ ધપાવવામાં લગાવી દીધી.

વ્યક્તિ શરીરથી કે મનથી દિવ્યાંગ હોઈ શકે, પરંતુ વિચારોથી ક્યારેય વિકલાંગ નથી હોતો. કોશિષ કરવાથી આ લોકો તમામ મુશ્કેલીઓ અને અસંભવ કામ કરી જ શકતા હોય છે. આવા દ્રઢ વિશ્વાસ સાથે દીપાલી અને ચિરાગે વિશેષની પ્રવૃત્તિઓને આગળ વધારી છે. એમના મનોદિવ્યાંગ સંતાનોને સ્વસ્થ કરવા માટે અનેક માતા પિતાના હૃદયમાં દિપાલી અને ચિરાગના નામનો ચિરાગ પ્રકાશી રહ્યો છે. વિશેષની વિશેષતા એ છે કે, શિક્ષણ અને તાલીમની સાથો સાથ સ્પિચ થેરેપી, એટેન્શન થેરેપી, બિહેવીયર થેરેપી, આર્ટ એન્ડ ક્રાફ્ટ, પ્લે એક્ટિવિટી દ્વારા મેન્ટલી ચેલેન્જડ બાળકોને સ્વસ્થ બનાવવાની ચેલેન્જ ઉપાડવામાં આવે છે. અનુભવી શિક્ષકો, આધુનિક અને વૈજ્ઞાનિક અભિગમથી વિશેષમાં મેન્ટલી